આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૪ | ૨૬ ઓગસ્ટ, ૨૦૧૪, મંગળવાર; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રેમ જ્યારે આપવા માંડે ત્યારે ભક્તિ બને અને માંગવા માંડે ત્યારે આસક્તિ
- શરતચંદ્ર

# જિલ્લામાં ૨૭૪ ગામોનો નવો ડેટાબેઝ તૈયાર થશે

## જિલ્લા પંચાયતમાં નવનિર્મિત ડેટા સેન્ટરનું લોકાર્પણ કરાયું : વિકાસની દિશા નિયત કરવા આંકડાકીય માહિતી ઉપયોગી થશે

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લા પંચાયતમાં આજે નવનિર્મિત ડેટા સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના આધારે જિલ્લામાં વિવિધ ક્ષેત્રોને લગતી આંકડાકીય વિગતો સમયસર અને વિશ્વસનીય રીતે પ્રાપ્ત થશે. આ ઉપરાંત વિકાસના માર્ગને નક્કર બનાવવાના ઉમદા આશયથી શરૂ થયેલા આ સેન્ટરના લીધે જિલ્લાના ૨૭૪ ગામોમાં ઉપલબ્ધ સવલતો અને માળખાગત સુવિધાઓને લગતી માહિતી તૈયાર કરી અપડેટ સાથેનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલે આજે નવનિર્મિત ડેટા સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ ડેટા સેન્ટરમાં દરેક શાખાની માહિતી ઉપલબ્ધ થશે. આંકડાકીય ક્ષેત્રને સંગીન બનાવવાના પ્રયાસ સાથે જિલ્લાના વિવિધ ક્ષેત્રોને સંભવિત આંકડાકીય માહિતી ઝડપથી ઉપલબ્ધ થશે. જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે જણાવ્યું હતું કે જિલ્લાના વિકાસની દિશા નિયત કરવા માટે સાચા આંકડા ખુબજ ઉપયોગી નિવડશે. તેમણે તલાટી કયા ગામમાં કેટલા સમયની ફરજ બજાવે છે. તે અંગેની વિગતો એકઠી કરવા ઉપરાંત આરોગ્ય, આઈ.સી.ડી.એમ. કૃષિ પશુપાલન જેવી કચેરીઓ સમાંતરે પોતાના ડેટા અપડેટ કરાવે તે પણ ખુબ જરૂરી હોવાનું જણાવ્યું હતું. ડેટા સેન્ટરના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત આંકડાશાસ્ત્ર કચેરીના નિયામક એચ.કે. હુડાસે પણ વિકાસના પાયામાં ખર્ચ અને આંકડાશાસ્ત્ર વિભાગ ખૂબ મહત્વનો હોવાનું જણાવી વુમન વિકાસ

● અનુસંધાન પાન-૭ પર



ૐ નમઃ પાર્વતી પતૈય, હરહર મહાદેવ હર... - શ્રાવણ મહિનાના અંતિમ દિન સોમવતી અમાસે ગાંધીનગરમાં શ્રદ્ધાનું ઘોડાપુર અનુભવાયું હતું. નગરના તમામ શીવાલયો ભાવિકોથી ઉમટ્યા હતા. ક્યાંક ઘીના મહાદેવા બનાવાયા હતા, ક્યાંક રંગોળી પૂરાઈ હતી, ક્યાંક કમળ પૂજા કરાઈ હતી તો ક્યાંક બરફના શીવલીંગ નિર્માણ કરાયા હતા. નગરના તમામ શીવાલયો આજે શીવધૂનથી ગુંજી ઉઠ્યા હતા. ઠેરઠેર લઘુરુદ્ર અને શીવમહિમ્નના પાઠ પણ યોજાયા હતા. પવિત્ર શ્રાવણ માસનું સમાપન પણ ભારે ઉલ્લાસ અને ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું. જય મહાદેવ. (તસવીર : કશ્યપ નિમાવત, દિપક જાની)

# રાજ્યના વહીવટી તંત્રમાં મહત્વના ફેરફારો

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકારે આજે વહીવટીતંત્રમાં ભારે અદલ-બદલ કરી અને તંત્રને વધુ ગતિશીલ બનાવવાની દિશામાં મહત્વનું પગલુ ભર્યું છે. રાજ્યના ઉદ્યોગ સચિવ તરીકે અધિક મુખ્ય સચિવ ડી. જે. પાંડિયન નિમાયા છે. ઉપરાંત ડી.જે. પાંડિયનને ગુજરાત ખનીજ વિકાસ નિગમના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટરનો વધારાનો હવાલો સોંપાયો છે.

રાજ્યના મહેસુલ સચિવ તરીકે અધિક મુખ્ય સચિવ શ્રી જે.એન. સિંઘની નિમણુંક કરી છે જ્યારે મહેસુલ વિભાગના અગ્ર સચિવ શ્રી અનિલ મુકીમને આરોગ્ય વિભાગમાં મુકવામાં આવ્યા છે. રાજ્યના ઉદ્યોગ કમિશનર તરીકે મમતા વર્માને મુકવામાં આવ્યા છે. આરોગ્ય કમિશનર તરીકે શ્રી જે.વી. ગુપ્તાને મુકવામાં આવ્યા છે. જ્યારે જી.એમ.ડી.સી.માંથી પંકજકુમારને સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં વાઈસ ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

શ્રી અરવિંદ અગ્રવાલને શિક્ષણ વિભાગમાં તો અંજુ શર્માને જીએસડીએમમાં નિમણુંક અપાઈ છે. શ્રીમતિ જયંતિ રવિને મજૂર કમિશનર તરીકે અને સોનલ મિશ્રાને ઉદ્યોગ વિભાગમાં નિમણુંક આપવામાં આવી છે.

રાજ્ય સરકારે કરેલી આ બદલીઓ પછી પણ વધારાના ચાર્જમાંથી અધિકારીઓને મુક્તિ મળી નથી એટલે હજુ વધુ એક રાઉન્ડ બદલીઓનો આવે તેમ મનાઈ રહ્યું છે.

# વિધાનસભાની પાંચ બેઠકોના ઉમેદવારો કોંગ્રેસે જાહેર કર્યા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી નવ બેઠકોની પેટા ચૂંટણી માટે કોંગ્રેસે આજે પાંચ બેઠકો માટેના ઉમેદવારો જાહેર કર્યાછે. જયારે બાકીની ચાર બેઠકો અને એક લોકસભા બેઠક માટે ઉમેદવારોના નામ આવતીકાલે સાંજે જાહેર કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી નવ બેઠકો અને બરોડા લોકસભા બેઠકની પેટા ચૂંટણી આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાનારી છે. આ માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવાર પસાંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં વિધાનસભાની નવ બેઠકો પૈકી પાંચ બેઠકો માટેના ઉમેદવારોના નામોને આખરી કરીને જાહેર કરવામાં આવ્યા છે.

જયારે વિધાનસભાની બાકીની ચાર બેઠકો અને એક લોકસભા બેઠક માટે ઉમેદવારના નામ આવતીકાલ સાંજ સુધીમાં જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### કોંગ્રેસના ઉમેદવારો

| વિધાનસભા બેઠક | ઉમેદવારનું નામ |
|---|---|
| મણિનગર | જતીન કેલ્લા |
| આણંદ | કાંતી પરમાર |
| ટંકારા | દીલીપ મહાદેવ સરડવા |
| જામખંભાળીયા | મેરામણ ગોરીયા |
| લીમખેડા | છત્રસિંહ મહિડા |

# ભાજપ વિધાયક દળની આવતીકાલે મળનારી બેઠક રદ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતની વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૭મી ઓગસ્ટ હોઈ આવતીકાલે મળનારી ભાજપ વિધાયકદળની બેઠક મુલત્વી રાખવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની લોકસભાની એક બેઠક અને વિધાનસભાની નવ બેઠકો માટે ૧૩મી સપ્ટેમ્બરે પેટા ચૂંટણીઓ યોજાનારી છે. આ ચૂંટણીમાં ભાજપને વિજય અપાવવા અને ચૂંટણી વ્યૂહરચના અને ચૂંટણી પ્રચારની કામગીરી અંગે માર્ગદર્શન આપવા માટે ભાજપ વિધાનયક દળની બેઠક ૨૬મીને આવતીકાલે મળનાર હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૭મી ઓગસ્ટ હોઈ અને આ દિવસે ભાજપના ઉમેદવારો એક સાથે ઉમેદવારીપત્રો ભરનાર હોઈ મંત્રીઓ પ્રદેશ આગેવાનો પણ

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

**દહેગામ ખાતે નવીન શરૂ થતી**
**શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી માટે**

લેબોરેટરી ટેકનીશીયન - ૨
વિઝીટ બોય - ૪
રીસેપ્શનીસ્ટ - ૨
હેલ્પર - ૨

દિન-૨માં બાયોડેટા સાથે રૂબરૂ મળો.

**શ્રદ્ધાદીપ પેથોલોજી લેબોરેટરી**
૩૧૭, હોટલ આવકારની પાછળ, ઘ-૪।।, સેક્ટર-૧૬, ગાંધીનગર

# ૧૦૦ ટકા હેતુલક્ષીની પ્રશ્ન પદ્ધતિનો ઉગ્ર વિરોધ

## ૫ સપ્ટેમ્બરે મળનાર જનરલ બોર્ડ બેઠકમાં નિર્ણય : બોર્ડની બેઠકમાં હેતુલક્ષી પ્રશ્ન પદ્ધતિ સામે તજજ્ઞો દ્વારા જોરદાર વાંધો ઉઠાવાયો : ગાંધીનગરમાં સમીક્ષા મિટિંગ

અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે લેવામાં આવતી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૧૦૦ ટકા બહુવૈકલ્પિક પ્રશ્નો પુછવાના મહત્વપૂર્ણ નિર્ણયની સમિક્ષા કરવા માટે આજે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી. આ બેઠકમાં પાંચ તેજસ્વી વિદ્યાર્થીઓ, શિક્ષણ બોર્ડના બે સભ્યો, શિક્ષણ સમિતિ, પરીક્ષા સમિતિ, બે પૂર્વ બોર્ડના અધિકારી અને શિક્ષણ તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ધોરણ-૧૦માં ૧૦૦ એ ૧૦૦ ગુણાના બહુવિકલ્પી પ્રશ્નો પુછવામાં આવતો વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને મૌલિકતાને ભારે નુકશાન થઈ શકે છે. તેવો મત તજજ્ઞોએ વ્યક્ત કરી એમસીક્યુ પદ્ધતિનો ભાર વિરોધ ખર્યો હતો. હવે નિર્ણયને પાંચમી સપ્ટેમ્બરે યોજાનારી શિક્ષણ બોર્ડની જનરલ બોર્ડ સમક્ષ મુકવામાં આવશે ત્યાર બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર ખાતે શિક્ષણ સમિતિની આજે મળેલી બેઠકમાં ધોરણ-૧૦ના ત્રણ વિષયો ગણિત, સમાજવિદ્યા અને વિજ્ઞાનમાં ૧૦૦ ટકા વૈકલ્પિક પ્રશ્નો રાખવા કે નહીં તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. જો કે બેઠક દરમિયાન તમામ તજજ્ઞોએ બહુવૈકલ્પિક પ્રશ્નોથી વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને મૌલિકતાને ભારે નુકશાન થશે તેવો સુર વ્યક્ત કરતા શિક્ષણ બોર્ડે હાલ આ નિર્ણય મોકુફ રાખવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦માં તમામ વિષયોના પ્રશ્નો બહુવૈકલ્પિક પ્રકારના પૂછવા માટે કવાયત હાથ ધરાઈ હતી.




# રાજ્યના ૨૬ સનદી અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકારે આજે મોડી સાંજે ૨૬ જેટલા સનદી અધિકારીઓની બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલની જગ્યા |
|---|---|---|
| એલ. ચુઆંગ | અગ્ર સચિવ<br>નાણા વિભાગ, ગાંધીનગર | અગ્રસચિવ<br>ઊર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ |
| પી.કે. તનેજા | કમિશનર<br>આરોગ્ય વિભાગ | અધિક મુખ્ય સચિવ<br>વન પર્યાવરણ વિભાગ |
| વિપુલ મિત્રા | અગ્ર સચિવ<br>પ્રવાસન વિભાગ, ગાંધીનગર | નિયામક<br>સ્પીપા, અમદાવાદ |
| રાજગોપાલ | એમ.ડી.<br>ગુ.ઉર્જા વિકાસ નિગમ, વડોદરા | અગ્ર સચિવ<br>બંદર અને વાહન વ્યવહાર |
| કમલ દયાની | ઉદ્યોગ કમિશનર | કમિશનર વાહન વ્યવહાર |
| શ્રીમતી અનુરાધા મલ | મેનેજીંગ ડાયરેક્ટર<br>મહીલા આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર | કમિશનર<br>મહીલા બાળવિકાસ વિભાગ, ગાંધીનગર |
| સંજીવ | ટ્રેનીંગમાંથી પરત | સચિવ<br>નાણા વિભાગ |
| અરવિંદ અગ્રવાલ | અધિક મુખ્ય સચિવ<br>આદિજાતિ વિકાસ વિભાગ | અગ્ર સચિવ<br>શિક્ષણ વિભાગ |
| મુકેશ પુરી | ઉપાધ્યક્ષ<br>એસ.ટી. નિગમ | અગ્ર સચિવ<br>શિક્ષણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ |
| એ.એમ. માંકડ | અધિક સચિવ<br>મહેસૂલ વિભાગ, અમદાવાદ | નિયામક<br>ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર |
| જે.પી. ગુપ્તા | કમિશનર<br>વાહન વ્યવહાર | કમિશનર<br>આરોગ્ય વિભાગ |
| મમતા વર્મા | ખાસ કમિશનર<br>કોમર્શીયલ ટેક્ષ, અમદાવાદ | ઉદ્યોગ કમિશનર<br>ગાંધીનગર |
| અનીલ મુકીમ | અગ્રસચિવ<br>મહેસૂલ વિભાગ | અગ્રસચિવ<br>આરોગ્ય વિભાગ |
| ડી.જે. પાંડીયન | અધિક મુખ્ય સચિવ<br>ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ | અધિક મુખ્ય સચિવ<br>ઉદ્યોગ ખાણ વિભાગ |
| પંકજકુમાર | નિયામક<br>સ્પીપા અમદાવાદ | ઉપાધ્યક્ષ<br>એસ.ટી. નિગમ અમદાવાદ |
| જે.એન.સીંગ | એમ.ડી.<br>સ.સ.નર્મદા નિગમ, ગાંધીનગર | અધિક મુખ્ય સચિવ<br>મહેસુલ વિભાગ ગાંધીનગર |
| અંજુ શર્મા | કમિશનર<br>મહિલા બાળ કલ્યાણ વિભાગ, ગાંધીનગર | સી.ઈ.ઓ.<br>જી.એસ.ડી.એમ.એ.<br>ગાંધીનગર |
| આર.સી. મીના | કમિશનર<br>આદિજાતિ વિકાસ, ગાંધીનગર | સચિવ<br>આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર |
| એ.એમ. તિવારી | અગ્ર સચિવ<br>શિક્ષણ વિભાગ, ગાંધીનગર | એમ.ડી.<br>ગુજરાત આલ્કલીઝ, વડોદરા |
| શ્રીમતી સંગીતાસીંગ | અગ્રસચિવ<br>શિક્ષણ વિભાગ, ગાંધીનગર | અગ્રસચિવ<br>અપીલ મહેસૂલ વિભાગ |

● અનુસંધાન પાન-૭ પર